સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021 / ૩૯૬૯-૩૯૯૩

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 10/ 02/ 2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ફેબ્રુઆરી માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦

(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જાન્યુઆરી માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ તથા ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

ફેબ્રુઆરી-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ફેબ્રુઆરીમાસમાં ધોરણ ૩માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત, ધોરણ ૪ અને ૫માં અંગ્રેજી અને હિન્દી તથા ધોરણ ૬ થી ૮માં અંગ્રેજી, હિન્દી તથા સંસ્કૃત વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- અત્રે ધ્યાન દોરવાનું કે શિક્ષણવિભાગના તા. ૧૨/૦૨/૨૦૨૦ ના ઠરાવ મુજબ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત , સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સમાન કસોટીઓ લેવાની હોય છે. આ મહિનામાં આ ચાર વિષયો ઉપરાંતના જે વિષયો છે તે વિષયોની કસોટીઓ સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓ સ્વૈચ્છિક રીતે લઈ શકે.
- અંગ્રેજી માધ્યમમાં અંગ્રેજીને બદલે ગુજરાતી (દ્વિતીયભાષા) તથા હિન્દી માધ્યમમાં હિન્દીને બદલે ગુજરાતી (દ્વિતીયભાષા) ની કસોટી યોજવામાં આવશે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૫/૦૨/૨૦૨૧ થી ૨૭/૦૨/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે.
- જરૂર જણાયે કસોટીના અમલીકરણ બાબતે વિશેષ સૂચનાઓ હવે પછી આપવામાં આવશે.

- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| No. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | STD-3 | STD-4 | STD-5 | STD-6 | STD-7 | STD-8 |
| 1 | ગુજરાતી (પ્રથમભાષા) | અંગ્રેજી | અંગ્રેજી | અંગ્રેજી | અંગ્રેજી | અંગ્રેજી |
| પ્રકરણ નંબર | 7, 8 | 1,2,3 | 3,4,5 | 1,2,3 | 1,2,3 | 1,2,3 |
| 2 | ગણિત | હિન્દી | હિન્દી | હિન્દી | હિન્દી | હિન્દી |
| પ્રકરણ નંબર | 10,11,12 | 1,2,3,4 | 9 to 14 | 1 to 5 | 1 to 8 | 1 to 7 |
| 3 | ---- | ---- | ----- | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| પ્રકરણ નંબર | ----- | ----- | ----- | 1 to 7 | 1 to 5 | 1 to 6 |

નોંધઃ અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીયભાષા) નું આયોજન નીચે મુજબ છે.

| ધોરણ | STD-3 | STD-4 | STD-5 | STD-6 | STD-7 | STD-8 |
|---|---|---|---|---|---|---|
| પ્રકરણ નંબર | 5 ,6 | 5 to 7 | 6 to 8 | 10 to 15 | 10 to 15 | 10 to 15 |

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

જા. નં./મા-૨/૨૦૨૨/૨૦૦૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજે માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા: ૧૭/૦૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્ય શ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ,
૧/- જાણ તથા અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો સુરત.